ૐ

આંખોના દ્વારેથી રૂદીયામાં વસીયા,
ઓ મારા જ્ઞાની વરતુ ચરણમાં ....આંખોના દ્વારેથી

અનુભવ શ્રેણીનો સાથ આ પૂરો,
અનંત ઐશ્વર્યની ખુમારી સહીતનો ....આંખોના દ્વારેથી

સથવારો સાક્ષાત 'સત' પુરૂષનો,
સત્સંગ સાધ્યો સજીવનના સંગનો ....આંખોના દ્વારેથી

નિર્વીકારી નીરખી નયનો,
જોઈ 'જોઈને' બનુ હુ તેવો ....આંખોના દ્વારેથી

દોષો દેખાડે દોષથી મુક્ત જે,
તેના ચરણને જોતો હુ ચાલુ ....આંખોના દ્વારેથી

આજ્ઞા આધીનતા અવીરત રહેજો,
જ્ઞાની વચનબળ અખંડ વરતો ....આંખોના દ્વારેથી